ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૮-૮-૨૦૨૧, શનિવાર 



# અરવલ્લીમાં સસ્તા અનાજની દુકાનોમાં તુવેર દાળ માટે કાર્ડધારકોને ધક્કા

### અન્ય જથ્થો ફાળવાય છે તો પછી તુવેર દાળ કેમ અપાતી નથી..?? ચર્ચાતો સવાલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

અરવલ્લી જિલ્લામાં પુરવઠા વિભાગના સર્વરનાં કોઈ ઠેકાણાં ન હોવાથી રેશનીંગના જથ્થા માટે કાર્ડધારકો પરેશાન બન્યા છે ત્યાં છેલ્લા ૨ દિવસથી જિલ્લાની કેટલીક સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડધારકોને રેશનીંગનો અન્ય પુરવઠો અપાયો ખરો પરંતુ તુવેર દાળનો જથ્થો આપવામાં ન આવતાં કાર્ડધારકોને ધરમધક્કા થઈ રહ્યા છે. જથ્થો ફાળવવામાં ટેકનિકલ ખામીના કારણે આઈ.ડી. ઓપન થતું ન હોવાનું ગાણું કેટલાક દુકાનદારો ગાય છે તો પછી અન્ય જથ્થો કેવી રીતે ફળવાયો તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.

સાતમ-આઠમના તહેવારોને ધ્યાનમાં રાખી રાજ્ય સરકારના પુરવઠા વિભાગ દ્વારા કાર્ડધારકોને ખાંડ, તેલ, ચણાદાળ સહિતનો જથ્થો મળી રહે તે માટે આગોતરૂ આયોજન કરી તહેવારો નિમિત્તે રેશનીંગનો વધારાનો જથ્થો પણ દુકાનો સુધી પહોંચાડવામાં આવ્યો છે પરંતુ અરવલ્લી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં સર્વરના ધાંધિયાના કારણે કાર્ડધારકો પરેશાન બની ગયા છે. ૪ દિવસ સુધી સર્વરમાં ખામી સર્જાયેલી રહેતાં સમયસર પુરવઠાનું વિતરણ કરવામાં દુકાનદારોને મુશ્કેલી પડી રહી છે તેમાંય અરવલ્લી જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો ચણાદાળનો જથ્થો ફાળવવામાં આનાકાની થતી હોવાની ફરિયાદો સામે આવી છે. કેટલાક દુકાનદારોના જણાવ્યા અનુસાર તૂવેરદાળનો જથ્થો અમે આપવા માટે બંધાયેલા છીએ પરંતુ યુઝર આઈ.ડી. ઓપન થતું ન હોવાથી કેવી રીતે જથ્થો આપી શકીએ..?? તેવું ગાઈ વગાડીને કહેવામાં આવી રહ્યું છે જ્યારે તુવેર દાળના જથ્થા માટે રેશનકાર્ડ ધારકો વારંવાર સસ્તા અનાજની દુકાના પગથિયાં ઘસી રહ્યા છે. જિલ્લામાં તહેવારો ટાણે પુરવઠા વિભાગનું સર્વર પાણીમાં બેસી જતાં કાર્ડધારકો સમસમી ઉઠ્યા છે. તહેવારોની ઉજવણી માટે જથ્થો ફળવાયો પરંતુ ખરા સમયે સર્વરના ધાંધિયાથી અનેક કાર્ડધારકોને પોતાના હક્કના પુરવઠાથી વંચિત રહેવાની નોબત આવી છે.

**યુઝર આઈ.ડી.માં ખામીથી આવું થઈ શકે : નાયબ પુરવઠા મામલતદાર**

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રેશનકાર્ડધારકોને તુવેરદાળનો જથ્થો દુકાનદારો દ્વારા આપવામાં આવ્યો ન હોવાની ફરિયાદો છે. ત્યારે પુરવઠા નાયબ મામલતદાર જીતેષભાઈ દેસાઈનો સંપર્ક કરતાં સર્વરની છેલ્લા કેટલાક દિવસોથી ખામી સર્જાઈ છે. જેમાં યુઝર આઈ.ડી. ઓપન ન થવાથી દુકાનદારોએ જથ્થો ફાળવ્યો ન હોય તેવું બની શકે તેમ જણાવ્યું હતું.

# જિલ્લામાં વરસાદ નથી છતાં ગામડાઓમાં પારાવાર ગંદકી

### સ્વચ્છતા પાછળ ખર્ચાયેલાં નાણાં વેડફાયાં હોય તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વરસાદ નથી છતાં ગામડાઓ પારાવાર ગંદકીથી ખદબદવા લાગ્યાં છે. વિકસિત ગામોમાં વરસાદી પાણીના નિકાલ તેમજ જાહેર રસ્તાઓના સમારકામ માટે લાખો રૂપિયા ખર્ચાયા હોવા છતાં સ્વચ્છતાનાં નાણાં ફોગટમાં વેડફાયાં હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગ્રામ્ય માર્ગો ઉપર ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં રોગચાળો ફાટવાની દહેશત સ્થાનિક પ્રજાજનો વ્યક્ત કરી રહ્યા છે પરંતુ ગ્રામ પંચાયતના સત્તાધિશો કુંભકર્ણની નિંદ્રામાં પોઢતા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.



સરકાર દ્વારા થોડાક સમય અગાઉ ગામે ગામ સ્વચ્છતા અભિયાન ચલાવાયું હતું. ગામડાઓમાં રસ્તાઓની સાફસફાઈ તેમજ ગટરલાઈન માટે ગ્રામ પંચાયતોને જરૂરી ગ્રાન્ટ ફાળવવામાં આવતાં ગામડાઓમાં થોડોક સ્વચ્છતા મુદ્દે સુધારો જોવા મળ્યો પરંતુ જિલ્લાના કેટલાક વિકસિત ગામોમાં સ્વચ્છતા અભિયાન ચલાવાયા પછી પણ પારાવાર ગંદકી યથાવત રહી છે. ચોમાસામાં ભારે વરસાદ વરસે અને વરસાદી પાણીનો નિકાલ ન થાય તો ગંદકી ફેલાય તે માની શકાય પરંતુ અનેક ગામોમાં વરસાદની ખેંચ છતાં જાહેર રસ્તાઓ ગંદકી અને ગંદા પાણીથી લથપથ જોવા મળી રહ્યા છે. બંન્ને જિલ્લામાં ૧૦૦ થી પણ વધુ વિકસિત ગામોમાં ચોમાસાની સીઝનમાં જાહેર રસ્તા તેમજ રહેણાંક વિસ્તારોમાં કાદવ કિચડનું સામ્રાજ્ય ફેલાયું છે. કેટલાક ગામડાઓમાં તો જાણે કે સ્વચ્છતા અભિયાનના ગળે ટૂંપો દેવાયો હોય તેવા દ્રશ્યો ગામમાં પ્રવેશતાંની સાથે જોવા મળી રહ્યા છે. સ્વચ્છતાની ગ્રાન્ટ ફળવાયા પછી તાલુકા અને જિલ્લાના અધિકારીઓએ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતાનું આંકલન માત્ર ઓફીસમાં બેઠા બેઠા કર્યું હોવાના કારણે પારાવાર ગંદકીથી પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે.

# બાળ સૂરસામ્રાજ્ઞી આસ્થા નાયક યુવા મહોત્સવમાં ઝળકી

### સાબરકાંઠા માટે મોટી આશા જગાવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

રાજ્ય સરકારના યુવા અને સાંસ્કૃતિઓના વિભાગ દ્વારા દર વર્ષે શાળા કક્ષાએથી યુવા મહોત્સવો યોજાતાં અનેક બાળ કલાકારોની સમાજ અને જિલ્લાને ભેટ મળી છે. હિંમતનગર તાલુકાના અડપોદરાની ધો.૯માં અભ્યાસ કરતી આસ્થા વિનોદભાઈ નાયકે તાલુકા કક્ષાના યુવા મહોત્સવમાં પ્રથમ આવી ગામ, સમાજ અને અડપોદરા હાઈસ્કુલને ગૌરવ અપાવ્યું છે.

કોકીલકંઠ હોવું એ પણ કુદરતના આશીર્વાદ હોય છે. કેટલાકને વારસામાં કોકીલકંઠ મળતા હોય છે. અડપોદરાના વિનોદભાઈ નાયકનાં પત્નિ છાયાબેન નાયકને પણ ગીત-સંગીતનો શોખ હતો. નવરાત્રિ પર્વમાં સૂરીલા કંઠ દ્વારા ખેલૈયાઓને ઘેલમાં લાવી દેતાં તેમની દિકરીને પણ મમ્મીનો વારસો મળ્યો. પ્રાથમિક શિક્ષણથી જ કુ.આસ્થા નાયકને સંગીતનો શોખ હતો. ગત વર્ષે મોગલ રમવા આવો..માં બાળ ગાયક કલાકર તરીકે ખ્યાતિ મેળવી. કોરોનાનું સંક્રમણ કાબુમાં આવ્યા પછી ધો.૯ થી ૧૨ની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું. તાલુકા કક્ષાનો યુવા મહોત્સવ શરૂ થયો છે જેમાં અડપોદરા હાઈસ્કુલ વતી આસ્થા નાયકે ભજન વિભાગમાં બાવસર હાઈસ્કુલ ખાતે યોજાયેલી સ્પર્ધામાં તમામ સ્પર્ધકોને પાછળ છોડી પ્રથમ સ્થાને આવી સૌને ગૌરવ અપાવ્યું છે. અત્યારે તો બાળ સૂરસામ્રાજ્ઞી આસ્થા નાયકે સંગીત જગત માટે એક મોટી આસ્થા જગાવી છે માત્ર જરૂર છે હીરા પારખુંઓની.

**જિલ્લામાં જન્માષ્ટમી પર્વનો પ્રજામાં ઉમંગ**

# આજે રાંધણછઠ ઉજવાશે, સોમવારે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાશે

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જન્માષ્ટમીના પર્વોની શૃંખલા શરૂ થઈ છે. પ્રજામાં પવિત્ર પર્વના કારણે અનેરો ઉમંગ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં આજે રાંધણછઠની ઉજવણી થશે. જ્યારે સોમવારે કૃષ્ણ જન્મોત્સવના કારણે કૃષ્ણ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્રીજી લહેરની સંભવિત દહેશતના કારણે સરકારી નિયંત્રણો અને કોવિડ ગાઈડલાઈનના પાલન મુજબ તહેવારોની ઉજવણી કરવા માટે સરકારે અપીલ કરતાં થોડોક ઉત્સાહ ફિક્કો જણાઈ રહ્યો છે પરંતુ એક પછી એક પર્વોની હારમાળા શરૂ થતાં બજારોમાં તેની સ્પષ્ટ રોનક દેખાઈ રહી છે.

વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો અને વ્રતો માનવ જીવનમાં નવી ચેતનાનો સંચાર કરતા હોય છે. શોક સંતાપથી તપ્ત પ્રજા ધાર્મિક ઉત્સવો માણી શકે તે માટે ભારતીય સંસ્કૃતિમાં આખા વર્ષ દરમ્યાન પર્વોની ગોઠવણી કરવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા દોઢ વર્ષથી કોરોનાનું સંક્રમણ હાવિ થતાં પ્રજા તમામ રીતે નાસીપાસ થઈ હતી પરંતુ હવે એક પછી એક ધાર્મિક વ્રત તેમજ ઉત્સવો શરૂ થયા છે જેના કારણે પ્રજાના ફિક્કા ચહેરા ઉપર હાસ્ય જોવા મળી રહ્યું છે. જિલ્લામાં જન્માષ્ટમીનું પર્વને આડે ગણતરીના કલાકો બાકી રહેતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કૃષ્ણ મહોત્સવ ઉજવવા ભક્તો હરખઘેલા બન્યા છે. સરકારી નિયમોના પાલન સાથે કૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જેમાં આજે રાંધણછઠ હોવાથી મહિલાઓ પરંપરાગત રીતે ચૂલાનું પૂંજન કરશે. જ્યારે રવિવારે શીતળા સાતમ અને સોમવારે જન્માષ્ટમીના પાવન પર્વની ઉજવણી થવાની છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં ફુડ વિભાગનો સપાટો, ૪૦ દુકાનોમાંથી સેમ્પલ લીધા

### રાજ્ય વ્યાપી ભેળસેળ શોધવા વિભાગનું અભિયાન શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

પ્રજાના પેટમાં ભેળસેળવાળો ખોરાક પધરાવી દઈ આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં છે તેવી રાજ્ય વ્યાપી ફરિયાદ પછી વિભાગને એલર્ટ મોડ ઉપર મૂકવામાં આવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુડ વિભાગે સપાટો બોલાવતાં ૧૪ તાલુકાઓમાં ૪૦ જેટલી દુકાનોમાંથી સેમ્પલ લઈ ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ છે કે કેમ..?? તેની ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

સમય બદલાય તેમ અનેક વેપારીઓની નિષ્ઠા બદલાય છે અનેક વેપારીઓએ રાતોરાત લખપતિ બનવા માટે શોર્ટકટ અપનાવવાનું અપનાવવાનું પસંદ કર્યું છે પરંતુ ખોટાકામોનો અંજામ હંમેશાં ખોટો આવતો હોય છે. જિલ્લા ફુડ વિભાગ દ્વારા બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, તલોદ, પ્રાંતિજ, હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, ભિલોડા, મોડાસા સહિતના વિસ્તારોમાં ખાદ્ય સામગ્રીમાં ભેળસેળ હોય તો તે શોધી કાઢવા માટે દરેક તાલુકા દીઠ ટીમો રવાના કરવામાં આવી હતી. જેમાં રક્ષાબંધન પર્વના અરસામાં ૪૦ જેટલી દુકાનોમાંથી ખાદ્ય સામગ્રીના સેમ્પલ લેવામાં આવ્યા. સેમ્પલ લીધા પછી અનેક ભેળસેળીયા વેપારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લા ફૂડ વિભાગ દ્વારા અગાઉ લીધેલા સેમ્પલમાંથી કેટલાક સેમ્પલમાં ભેળસેળ જણાઈ આવતાં વેપારીઓ સામે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું વિભાગે જણાવ્યું છે.

**ગ્રાન્ટના પૈસા વાપરો, પ્રજાને સુવિધા આપો**

# મોડાસામાં પ્રાદેશિક કમિશને બેઠક યોજી, મોડાસા બાયડ પાલિકાની વહીવટી સમસ્યાઓ જાણી

### મેળવવા જેવી અનેક આવકો નગરપાલિકાઓ ગુમાવી રહી છે, ડી. કે. પારેખ - કમિશનર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

સારી કામગીરી કરતી નગરપાલિકાઓને રેટીંગ આપવાના નિશ્ચય સાથે ઉત્તર ગુજરાતની નગરપાલિકાઓને વિવિધ ઝોનમાં વહેંચવામાં આવી છે. શુક્રવારે



મ્યુનિસિપાલિટીના રીજીયોનલ કમિશ્નર અને તેમની ટીમે મોડાસાના સર્કીટ હાઉસમાં મોડાસા તેમજ બાયડ પાલિકાના વહીવટદારો, અધિકારીઓની બેઠક યોજી હતી. લાંબા સમયથી ઉપયોગમાં લેવાઈ ન હોય તેવી ગ્રાન્ટ બાબતે ઉંડાણપૂર્વક ચર્ચા કરી પાલિકાની વહીવટ સમસ્યાઓ જાણવાનો પ્રયાસ કર્યો હતો. પાછલા ૧ વર્ષે પાલિકાની વેરાવસુલાત નબળી પડી રહી છે જેના કારણે પાલિકાને મોટું આર્થિક નુક્સાન થશે તેવી ટકોર કરી નગરપાલિકાઓએ આવનારા દિવસોમાં મેળવવા જેવી અનેક આવકો ગુમાવી રહી છે. જેથી વહીવટમાં સુધારો લાવવા બંન્ને પાલિકાના ચીફ ઓફીસરોને જણાવ્યું હતું.

સરકાર દ્વારા નગરપાલિકાઓના સર્વોત્તમ વિકાસ માટે દર વર્ષે કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ મુખ્ય અધિકારી, પ્રમુખ અને સત્તાધારી પાંખની અંદરોઅંદરની ખેંચતાણના કારણે કેટલીક ગ્રાન્ટથી અનેક પદાધિકારીઓ અજાણ હોય છે. યોગ્ય આયોજનના અભાવે સરકારે ફાળવેલી ગ્રાન્ટો વણવપરાયેલી પડી રહેતી હોય છે ત્યારે રાજ્યના મુખ્ય મંત્રી અને પાલિકાઓના પોર્ટફોલીયો ધરાવતા વિજયભાઈ રૂપાણીએ દરેક નગરપાલિકાઓ વચ્ચે વિકાસના કામો માટે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું થાય, સરકારની ગ્રાન્ટોનો લોકકલ્યાણ માટે ઉપયોગ થાય તેવા ઉદ્દેશ્યથી પ્રાદેશિક કમિશ્નરને દરેક જિલ્લાઓમાં મોકલવામાં આવે છે અને ત્યાં રીવ્યું બેઠકોનું આયોજન થઈ રહ્યું છે જે અન્વયે અરવલ્લીના વડામથક મોડાસામાં રીવ્યું બેઠક યોજાઈ જેમાં વિકાસકામો, અર્બન ટ્રાન્સપોર્ટ, સફાઈ કામદાર ભરતી, ફાયર સ્ટાફ, વેરા વસુલાત તેમજ વસુલાત વધારવાનું આયોજન, સ્વચ્છ ભારત મિશન કામગીરી, ગટર યોજના, નલ સે જલ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના બાબતે એજન્ડા પરના તમામ કામોની વિસ્તૃત ચર્ચા કરી હતી. મોડાસા પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, ચીફ ઓફીસર જીજ્ઞેશભાઈ બ્રહ્મભટ્ટે મોડાસા પાલિકાના કેટલાક ગંભીર પ્રશ્નો બાબતે પ્રાદેશિક કમિશ્નર સાથે



ચર્ચા કરી હતી તેમજ રેલવેની જમીનમાંથી પસાર થવાના રસ્તા અંગેનો વિકટ પ્રશ્ન પણ રજૂ કર્યો. મોડાસા શહેરને શુદ્ધ પીવાના પાણીના કરોડના ખર્ચે તૈયાર થનારા પ્રોજેક્ટ અંગે પણ વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોનીએ પણ બાયડ પાલિકાના કેટલાક પ્રશ્નો બાબતે પ્રાદેશિક કમિશ્નર સાથે વિસ્તારથી ચર્ચા કરી હતી. બંન્ને પાલિકાઓના મુખ્ય અધિકારીઓને વેરા વસુલાત અંગે ગંભીર બનવા તેમજ ઉપયોગમાં લેવાઈ નથી તેવી સરકારી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય તે માટે તાકીદે આયોજન કરવું અને નાણાપંચની ગ્રાન્ટ માટે આવનારા ૫ વર્ષ માટેનો રોડ મેપ તૈયાર કરવા જણાવ્યું હતું. રીવ્યું બેઠકના પ્રારંભે મોડાસા પાલિકા પ્રમુખ-ચીફ ઓફીસરે પ્રાદેશિક કમિશ્નર ડી. કે. પારેખ અને બાયડ પાલિકા ચીફ ઓફીસરે કલાસ વન ચીફ ઓફીસર કૈલાસબેન પ્રજાપતિનું બુકે આપી સન્માન કર્યું હતું. પાલિકાના પદાધિકારીઓ સાથે બેઠક સંપન્ન થયા પછી બંન્ને પાલિકાઓના કર્મચારીઓ અને અધિકારીઓ સાથે રીવ્યું બેઠક યોજવાની સાથે ૨૭ મુદ્દાના એજન્ડા ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

## આવકનાં છીંડાં શોધો, પાલિકાને સમૃદ્ધ બનાવો : પ્રાદેશિક કમિશનરની સ્પષ્ટ વાત

બાયડ : પાછલા અનેક વર્ષોથી સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટોનો ઉપયોગ થયો નથી તેવી ગ્રાન્ટોનો પ્રજાના કલ્યાણ માટે ઉપયોગ થાય તે માટે મોડાસા-બાયડ પાલિકાની સંયુક્ત રીવ્યું બેઠક પ્રાદેશિક કમિશ્નર ડી. કે. પારેખની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ તેમાં તેઓએ ક. અને ડ. વર્ગની પાલિકાઓને આવકનાં છીંડાં શોધો, ઈ-નગરનો મહત્તમ ઉપયોગ કરો અને આવક વધારી પાલિકાનું સ્વભંડોળ વધુ સમૃદ્ધ બનાવવા જણાવ્યું હતું. તેઓએ કોઈપણ પ્રશ્ન હોય તેનો ઝડપથી ઉકેલ લાવવા ચીફ ઓફીસર અને હોદ્દેદારોને વિસ્તારથી સમજાવ્યું હતું.

## સરકાર ફાળવે છે અઢળક રૂપિયા માત્ર સારૂ આયોજન જરૂરી

બાયડ : સરકાર દ્વારા નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ માટે અઢળક રૂપિયા ફળવાય છે. પરંતુ ક્યાંકને ક્યાંક યોગ્ય આયોજનના અભાવે ગ્રાન્ટો વપરાયા વગરની રહી જાય છે ત્યારે સરકાર દ્વારા રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર ફાળવવામાં આવેલી તમામ ગ્રાન્ટ વપરાય તે માટે સુચારૂ આયોજન કરાયું છે અને પ્રાદેશિક કમિશ્નર અને તેમની ટીમને દરેક જિલ્લાઓમાં મોકલવામાં આવ્યા છે. જે રીતે ૭ કરોડથી પણ વધુની વપરાયા વગરની ગ્રાન્ટ હોવાનું બહાર આવ્યું તેના ઉપરથી લાગે છે કે વિકાસના કામો માટે હવે સુચારૂ આયોજન જરૂરી છે.

# અદ્દ્ભૂત આયોજનની પ્રસંશા : બાયડ તાલુકાનો યુવક મહોત્સવ બોરલ હાઈસ્કુલમાં યોજાયો

### બાળ કલાકારોએ સૌને મંત્રમુગ્ધ કર્યા, ૨૦ શાળાઓએ ભાગ લીધો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ તાલુકાની બોરલ હાઈસ્કુલમાં તાલુકા કક્ષાનો યુવક મહોત્સવ યોજાઈ ગયો. બાયડ નોડલની ૨૦ શાળાઓએ ભાગ લીધો હતો. બાળ કલાકારોએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શાળાના અદ્ભૂત આયોજનની ઉપસ્થિતોએ પ્રસંશા કરી હતી.

કોરોનાનું સંક્રમણ ઘટ્યા પછી ૧૭ મહિના બાદ શાળાઓમાં ધો.૯ થી ૧૨નું પ્રત્યક્ષ શિક્ષણ ક્રમશઃ શરૂ થયું. સતત ઘરે હોમલર્નિંગ અને ઓનલાઈન અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓ માનસિક રીતે થાક્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓના સ્વભાવમાં ચીડીયાપણું વધી ગયું હતું. શાળાઓ શરૂ થયા પછી વિદ્યાર્થીઓની સાથે વાલીઓને પણ માનસિક શાંતિ જોવા મળી. જ્યારે વિદ્યાર્થીઓને હવે અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં જોડવા જોઈએ તેવા નિર્ણય સાથે યુવક મહોત્સવની શરૂઆત થઈ છે. બાયડ તાલુકા કક્ષાનો યુવક મહોત્સવ શુક્રવારે બોરલની આર. વી. પટેલ હાઈસ્કુલમાં યોજાઈ ગયો.

જેમાં વિવિધ શાળાઓના બાળ કલાકારોએ એકપાત્રિય અભિનય, ભજન, સમૂહગીત, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કાવ્ય લેખન, લોકવાર્તા, સર્જનાત્મક કારીગરી, લગ્નગીત, હળવુકંઠ્ય, 



લોકવાદ્ય વગેરે શ્રેણીમાં ભાગ લઈ યુવક મહોત્સવને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત અધિકારી રાકેશ ચૌધરી, યજમાન શાળાના પ્રમુખ રમેશભાઈ પટેલ, મંત્રી પ્રવિણભાઈ પટેલ, કેળવણી મંડળના સભ્યો, શાળાના આચાર્ય અશ્વિનભાઈ પટેલ, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ બાબુભાઈ પટેલ, નોડલ કન્વિનર સુનિલભાઈ પટેલ, સારસ્વત હાઈસ્કુલના આચાર્ય આરીફભાઈ મિરઝા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રથમ ક્રમે આવનારા બાળ કલાકાર..

એકપાત્રિય અભિનય : કંચન બી. ઝાલા, બોરલ હાઈસ્કુલ
ભજન (ખુલ્લો વિભાગ) : અર્પિત આર. પંચાલ, તેનપુર હાઈસ્કુલ
સમૂહગીત (ખુલ્લો વિભાગ) : રીંકલ વી. પટેલ, તેનપુર હાઈસ્કુલ
વક્તૃત્વ સ્પર્ધા(અ-વિભાગ) : રવિન્દ્ર ડી. સોલંકી, બોરલ હાઈસ્કુલ
વક્તૃત્વ સ્પર્ધા(બ-વિભાગ) : એક્તા જી. પટેલ, જીતપુર હાઈસ્કુલ
નિબંધ સ્પર્ધા(અ-વિભાગ) : હેતલ આર. ઝાલા, બોરલ હાઈસ્કુલ
નિબંધ સ્પર્ધા(બ-વિભાગ) : હેત્વી એસ. પ્રજાપતિ, ચોઈલા હાઈસ્કુલ
પાદપૂર્તિ : વિધિ જે. સોલંકી, ચોઈલા હાઈસ્કુલ
કાવ્ય લેખન(બ-વિભાગ) વિધિ જે. સોલંકી, ચોઈલા હાઈસ્કુલ
લોકવાર્તા(ખુલ્લો વિભાગ) : રવિન્દ્ર ડી. સોલંકી, બોરલ હાઈસ્કુલ
શિઘ્ર વક્તૃત્વસ્પર્ધા : અપેક્ષા કે. પટેલ, બોરલ હાઈસ્કુલ
સર્જનાત્મક કારીગીરી : અંજલી જે. વણકર, બોરલ હાઈસ્કુલ
ચિત્રકલા(અ-વિભાગ) : હેતલ પી. રાવળ, બોરલ હાઈસ્કુલ
ચિત્રકલા(બ-વિભાગ) : અનુબેન એસ. પટેલ, બોરલ હાઈસ્કુલ
લગ્નગીત(બ-વિભાગ) : મયુરીબેન જે. સૈજા, બોરલ હાઈસ્કુલ
હળવુંકંઠ્ય : મહેશ્વરી હસમુખભાઈ પરમાર, સાઠંબા હાઈસ્કુલ
હળવુંકંઠ્ય(બ-વિભાગ) : અસ્મિતા યુ. ઠાકોર, તેનપુર હાઈસ્કુલ
લોકવાદ્ય (અ-વિભાગ) : સચિન જે. દેવીપૂજક, ટી.સી.પટેલ હાઈસ્કુલ, આંબલિયારા